**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 3, Issue - 2, Mar-Apr – 2020
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.589
Received on : 17/03/2020 Accepted on : 31/03/2020 Publication Date: 30/04/2020

# તાપી જિલ્લાની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું મૂલ્યાંકન

**પટેલ ભાવેશકુમાર કે.**
શિક્ષણ સહાયક, સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા
રાયગઢ. તા.નિઝર, જિલ્લો: તાપી, ગુજરાત રાજ્ય.
Email: bkp2405@gmail.com

**સારાંશ :** કેળવણી એ માનવના સર્વાંગીણ વિકાસની પ્રક્રિયા છે. ગાંધીજીએ જણાવ્યું હતું કે, " કેળવણી એટલે બાળકના અને મનુષ્યના શરીર, મન અને આત્માના ઉતમાંશોનું આવિષ્કરણ". પ્રસ્તુત સંશોધનમાં ગુજરાત રાજ્ય દ્વારા સંચાલિત સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું મૂલ્યાંકન થયું. જેનો મુખ્ય ઉદ્દેશ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં આપતા શૈક્ષણિક કાર્ય અને ભૌતિક માહિતીની જાણકારી મેળવવી. સંશોધનમાં તાપી જિલ્લાની તમામ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. સંશોધનમાં માહિતી એકત્ર કરવા માટે સંશોધકે મુલાકાત, દસ્તાવેજી સાહિત્ય, અભિપ્રાયાવલી અને મુક્ત પ્રશ્નાવલિનો ઉપયોગ કર્યો હતો તથા માહિતી પૃથક્કરણ માટે ગુણાત્મક પૃથક્કરણ, તાર્કિક આગમનાત્મક ગુણાત્મક પધ્ધતિ, ટકાવારી, સરાસરી ગુણભાર અને કાઇવર્ગ કસોટીનો ઉપયોગ થયો હતો. અંતે જાણવા મળ્યું કે તમામ શાળામાં TAT પાસ શિક્ષકો હતા જેમના દ્વારા બાળકોનો સર્વાંગીણ વિકાસ સાધવામાં આવી રહ્યો હતો. આ સંદર્ભે ઊંડાણ પૂર્વકની માહિતી પ્રસ્તુત સંશોધનપાત્રમાં રજૂ કરવામાં આવી છે.

**ચાવીરૂપ શબ્દો :** તાપી જિલ્લો , સરકારી શાળા , ઉચ્ચતર માધ્યમિક વિભાગ , મૂલ્યાંકન, સરાસરી ગુણભાર, કાઇવર્ગ કસોટી.

## (૧) પ્રસ્તાવના:

કેળવણીનું માનવના જીવનમાં ખૂબ જ મહત્વ છે. કેળવણી વગર માનવજીવનની દિશા પકડી શકતો નથી. આઠવલે (૨૦૦૦) એ કહ્યું છે કે " શિક્ષણ વ્યવસ્થા એ સમાજનું હદય છે. હદય શુદ્ધ શક્તિશાળી અને ભાવપૂર્ણ હોય તો સમાજ નિરોગી, સમર્થ અને દિવ્ય બને તથા ધ્યેયલક્ષી, મહત્વલક્ષી અને તેજસ્વી રહે અને પ્રગતિના પંથે આગળ વધતો રહે. ૨૧ મી સદીમાં શિક્ષણ સ્વરૂપે સમાજનું ઘડતર કરવા માટે સરકારી શાળા, ગ્રાન્ટેડ શાળા, નોન-ગ્રાન્ટેડ શાળા, લઘુમતી શાળા અને મોડલ સ્કૂલ જેવી શાળા કાર્યરત છે. હાલની પરિસ્થિતિમાં સરકારી શાળામાં બાળકોની સંખ્યા દિવસેને દિવસે ઘટતી જાય છે. તેથી સરકારી શાળાની હાલની પરિસ્થિતી કેવી છે? સરકારી શાળામાં કઈ શૈક્ષણિક લયકાત ધરાવતા શિક્ષકો છે? સરકારી શાળાની ભૌતિક સુવિધા કેવી છે? સરકારી શાળા બાળકોના સર્વાંગીણ વિકાસ માટે કયા કયા પગલાં હાથ ધરી રહી છે તે જાણવા સંશોધકે પ્રસ્તુત સંશોધન હાથ ધર્યું હતું.

## (૨) પૂર્વ થયેલા સંશોધનની સમીક્ષા :

(૨.૧) વીરકરે (૧૯૮૯) Preparation of a criterion scale for rating the B.Ed. colleges in Maharashtra state વિષય પર રસપ્રદ સંશોધન હાથ ધર્યું હતું. તેમાં સંશોધનનો મુખ્ય હેતુ નવીન ઘડાયેલા માપદંડના સંદર્ભમાં બી.એડ કોલેજોની વર્તમાન પરિસ્થિતિનું સર્વેક્ષણ કરવાનું હતું.

(૨.૨) બિથલે (૨૦૦૧) River country school district: A study of one small rural school district in Ilion's વિષય પર સંશોધન હાથ ધર્યું હતું. સંશોધનનો મુખ્ય હેતુ સંસ્થાની ભૌતિક સુવિધાઓનો અભ્યાસ અને અસર અંગેની માહિતી મેળવવાનો હતો.

## (૩) સંશોધનના હેતુઓ:

પ્રસ્તુત સંશોધનના હેતુ નીચે મુજબ છે.

(૩.૧) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના સ્થાપનાના હેતુઓનો અભ્યાસ કરવો.
(૩.૨) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાની ભૌતિક સુવિધાઓનો અભ્યાસ કરવો.
(૩.૩) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાની આર્થિક સ્થિતિ અંગેનો અભ્યાસ કરવો.
(૩.૪) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં અપાતા જીવનમૂલ્યોના ઘડતરનો અભ્યાસ કરવો.
(૩.૫) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના અભ્યાસક્રમની માહિતી મેળવવી.
(૩.૬) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના પ્રવર્તમાન શિક્ષણ પદ્ધતિની માહિતી મેળવવી.
(૩.૭) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના છેલ્લા ત્રણ વર્ષના શૈક્ષણિક પરિણામોનો અભ્યાસ કરવો.
(૩.૮) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના પ્રવર્તમાન શૈક્ષણિક કર્મચારી, બિનશૈક્ષણિક કર્મચારી અને વિદ્યાર્થીની સંખ્યાની માહિતી મેળવવી.
(૩.૯) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને અનુભવાતી સમસ્યાઓનો અભ્યાસ કરવો.

(૩.૧૦) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં છાત્રાલય અંગેની માહિતીનો અભ્યાસ કરવો.
(૩.૧૧) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના ભાવિ આયોજન અંગેની માહિતી મેળવી.

**(૪) સંશોધનના પ્રશ્નો:**

પ્રસ્તુત સંશોધના પ્રશ્નો નીચે મુજબ છે.
(૪.૧) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના સ્થાપનાના હેતુ ક્યાં ક્યાં છે?
(૪.૨) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં કઈ કઈ ભોતિક સુવિધાઓ ઉપલબ્ધ છે?
(૪.૩) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાની આર્થિક સ્થિતિ કેવી છે?
(૪.૪) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા વિધાર્થીમાં કેવી રીતે જીવનમૂલ્યોના ઘડતરનો વિકાસ કરે છે?
(૪.૫) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાનો અભ્યાસક્રમ કયા પ્રકારનો છે?
(૪.૬) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષણકાર્ય માટે કઈ કઈ શિક્ષણ પદ્ધતિનો ઉપયોગ શિક્ષકો દ્વારા કરવામાં આવે છે?
(૪.૭) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના છેલ્લા ત્રણ વર્ષના શૈક્ષણિક પરિણામો કેવા છે?
(૪.૮) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણીક કર્મચારી, બિનશૈક્ષણિક કર્મચારી અને વિધાર્થીઓની સંખ્યિક માહિતી કેવી છે?
(૪.૯) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના વિધાર્થીઓને અનુભવતી સમસ્યા કઈ કઈ છે?
(૪.૧૦) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના છાત્રાલયમાં કઈ કઈ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે?
(૪.૧૧) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું ભાવિ આયોજન કેવું છે?

**(૫) સંશોધનનું મહત્વ:**

પ્રસ્તુત સંશોધનનું મહત્વ નીચે મુજબ છે.
(૫.૧) પ્રસ્તુત સંશોધન દ્વારા સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના સમાજમાં શું યોગદાન આપ્યું છે. તેની ઝાંખી પ્રાપ્ત કરી શકશે .
(૫.૨) પ્રસ્તુત સંશોધન દ્વારા સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલા પ્રત્યેકને માટે સમસ્યાઓનો દિશા પ્રાપ્તિ કરી શકાશે.
(૫.3) પ્રસ્તુત સંશોધન ગુજરાત સરકાર દ્વારા નવી સ્થાપિત થનારી સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા માટે માર્ગદર્શક બનશે.

**(૬) સંશોધનનું સીમાંકન:**

પ્રસ્તુત સંશોધનનું સીમાંકન નીચે મુજબ છે.
(૬.૧) પ્રસ્તુત સંશોધન તાપી જીલ્લામાં આવેલી સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા પૂરતું જ સીમિત હતું.
(૬.૨) પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રિકરણ માટે ઉપકરણો તરીકે શાળાના દસ્તાવેજી સાહિત્ય, અભિપ્રાયાવલી, મુકત જવાબી પ્રશ્નાવલી, નિરીક્ષણપત્રક, સાક્ષયપત્રકનો જ ઉપયોગ કરવામાં આવ્યો હતો.
(૬.૩) પ્રસ્તુત સંશોધનમાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા સાથે સંકળાયેલ વ્યક્તિન જ સમાવેશ કરવામાં આવ્યો હતો.

**(૭) સંશોધન પધ્ધતિ:**

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં નીચેના મુદા આવરી લેવામાં આવ્યા હતા.

**(૭. ૧) વ્યાપવિશ્વ અને નમૂનાપસંદગી:**

પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ તાપી જીલ્લાની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાનો સમાવેશ થયો હતો.આ વ્યાપવિશ્વમાંથી નમૂના પાત્રો તરીકે સહેતુક રીતે સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓની પસંદગી કરવામાં આવી હતી.

**(૭.૨) ઉપકરણો:**

પ્રસ્તુત સંશોધન માટે જરૂરી માહિતી એકત્ર કરવા માટે સંશોધકે દસ્તાવેજી સાહિત્ય, મુકત જવાબી પ્રશ્નાવલી, અભિપ્રાયાવલી, સાક્ષયપત્રક અને નિરીક્ષણપત્રકની રચના કરી હતી .

**(૮) માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણની રીત:**

પ્રસ્તુત સંશોધનમાં ગુણાત્મક તેમજ સંખ્યાત્મક એમ બને પ્રકારની માહિતી એકત્ર કરવામાં આવી હતી.તેમજ તેનું પૃથક્કરણની વિગત નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences ISSN: 2581-6241 Volume - 3, Issue - 2, Mar-Apr – 2020
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.589
Received on : 17/03/2020 Accepted on : 31/03/2020 Publication Date: 30/04/2020

પ્રસ્તુત સંશોધનમાં ગુણાત્મક તેમજ સંખ્યાત્મક એમ બન્ને પ્રકારની માહિતી એકત્ર કરવામાં આવી હતી.તેમજ તેનું પૃથક્કરણની વિગત નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

| ક્રમ | ઉપકરણ | માહિતી પૃથક્કરણની રીત |
|---|---|---|
| ૮.૧ | દસ્તાવેજી સાહિત્ય | - ગુણાત્મક પૃથક્કરણ |
| ૮.૨ | મુક્ત જવાબી પ્રશ્નાવલી | - તાર્કિક આગમનાત્મક ગુણાત્મક પદ્ધતિ |
| ૮.૩ | અભિપ્રાયાવલી | - ટકાવારી, સરાસરી ગુણભાર, અગ્રતાક્રમ, કાઈવર્ગ કસોટી |
| ૮.૪ | સાક્ષયપત્રક | - ગુણાત્મક પદ્ધતિ |
| ૮.૫ | નિરીક્ષણપત્રક | - સંખ્યાત્મક પૃથક્કરણ |

પ્રસ્તુત સંશોધનમાં માહિતી પૃથક્કરણ માટે નીચે મુજબના આંકડાશાસ્ત્રીય સૂત્રોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

$$\text{કાઈ-વર્ગ } (x^2) = \Sigma \left[\frac{(fo - fe)2}{fe}\right]$$

જ્યાં, $x^2$ = કાઈવર્ગ મૂલ્ય

Fo = અવલોકિત આવૃત્તિ

$F_e$ = અપેક્ષતિ આવૃત્તિ

$\Sigma$ = બધાનો સરવાળો

પ્રસ્તુત સંશોધનમાં રચેલી અભિપ્રાયવલિમાં વિધાનોને સરેરાશ ગુણભાર આપવામાં આવ્યા હતા. જે ગુણભાર નીચે દર્શાવેલ છે.

**વિધાનોને આપેલ ગુણભાર**

| ક્રમ | વિધાન | સંમત | તટસ્થ | અસંમત |
|---|---|---|---|---|
| ૧ | હકારાત્મક | ૩ | ૨ | ૧ |
| ૨ | નકારાત્મક | ૧ | ૨ | ૩ |

## (૧૦) સંશોધનના તારણો:

પ્રસ્તુત સંશોધનમાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના સંદર્ભે જે માહિતી પ્રાપ્ત થઈ હતી તેના પૃથક્કરણ અને અર્થઘટન પર આધારિત તારણો નીચે પ્રમાણે છે.

(૯.૧) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ સ્થાપવાનો હેતુ વિધાર્થીઓ આર્થિક ઉપાર્જન સાધી અને આત્મનિર્ભર બને માટેનો હતો તથા દસ્તાવેજી માહિતી પરથી જાણવા મળ્યું કે ૮૦ ટકા શાળા ૨૦૦૯ ના વર્ષમાં સ્થપાય હતી.

(૯.૨) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ભૌતિક સુવિધા યોગ્ય પ્રમાણમા ઉપલબ્ધ હતી. પરંતુ કેટલીક શાળાનું પોતાનું મકાન ન હોવાથી પ્રાયમરી શાળામાં શિક્ષણ કરાવતા હતા.

(૯.૩) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓની આર્થિક સ્થિતિ સધ્ધર હતી.

(૯.૪) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ વિધાર્થીઓના જીવનમૂલ્યોના વિકાસ માટે કવિસંમેલન, સંગીત સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને કાવ્યપઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવતું હતું. તેમજ ગુજરાત સરકાર અંતર્ગત તમામ કાર્યકમનું આયોજન કરવામાં આવતું હતું.

(૯.૫) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો અભ્યાસક્રમ ગુજરાત રાજ્ય સરકાર દ્વારા રચિત હતો.

(૯.૬) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક દ્વારા નિદર્શન પધ્ધતિ, પ્રોજેક્ટ પધ્ધતિ અને આગમન–નિગમન પધ્ધતિની મદદથી શિક્ષણકાર્ય રસપદ બનાવવામાં આવતું હતું.

(૯.૭) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું છેલ્લા ત્રણ વર્ષનું શૈક્ષણિક પરિણામ ૭૦% થી ૧૦૦% ની વચ્ચે જોવા મળ્યું હતું.

(૯.૮) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં શૈક્ષણિક કર્મચારીઓની સંખ્યા અને બિનશૈક્ષણિક કર્મચારીઓની સંખ્યા પૂરતા પ્રમાણમાં ન હતી. તેમજ મોટા ભાગની શાળામાં વિધાર્થીની સંખ્યા ઓછી જોવા મળી હતી.
(૯.૯) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં છાત્રાલયની સુવિધા ન હતી. પરંતુ શાળાની દેખરેખ માટે વોચમેનની સુવિધા હતી.
(૯.૧૦) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ વિધાર્થીઓને કોઈ પણ સમસ્યા નડતી ન હતી.
(૯.૧૧) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આગામી વર્ષોમાં વિજ્ઞાન પ્રવાહ ચાલુ કરવાનો પ્રયાસ થશે.
(૯.૧૧) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મોટા ભાગના શિક્ષકો TAT પરીક્ષા પાસ કરીને લાગ્યા હતા.

**(૧૧) શૈક્ષણિક સુચિતાર્થો:**
(૧૦.૧) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ શૈક્ષણિક સાધનોમાં વધારો કરવો જોઈએ.
(૧૦.૨) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું રમતનું મેદાન યોગ્ય કદનું બનાવવું જોઈએ.
(૧૦.૩) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓએમાં અત્યાધુનિક સાધનો વિકસાવી અધ્યાપન કાર્યમાં તેનો ઉપયોગ કરવો જોઈએ.
(૧૦.૪) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કમ્પ્યુટર લેબની વ્યવસ્થા કરવી જોઈએ અને ઇન્ટરનેટ ની સુવિધા ઉપલબ્ધ કરવી જોઈએ. .
(૧૦.૫) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ વિધાર્થીઓની સંખ્યા વધે તે માટેના પ્રયાસો હાથ ધરવા જોઈએ.

**(૧૧) ઉપસંહાર:**
પ્રસ્તુત સંશોધન રાષ્ટ્ર અને સમાજ પ્રત્યે ફરજ અદા કરતી સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ પર હાથ ધરવામાં આવ્યું હતું. આથી પ્રસ્તુત સંશોધન સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સ્પર્શતા સમાજના દરેક વ્યક્તિ તેમજ સંશોધકને ઘણું ઉપયોગી અને માર્ગદર્શકરૂપ નીવડશે.

**સંદર્ભસૂચિ :**
(૧) શાહ,દિપીકા બી. (૨૦૦૪). શિક્ષણમાં સંશોધન, અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય
(૨) દેસાઇ, એચ. જી. અને દેસાઇ, કે. જી. (૧૯૮૯) સંશોધન પધ્ધતિઓ અને પ્રવિધિઓ. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ , ગુજરાત રાજ્ય
(૩) પટેલ, જી. બી. (૨૦૧૧). વિકસમાન ભારતીય સમાજમાં શિક્ષણ. જીત પ્રકાશન.
(૪) શાસ્ત્રી, કે. કા . બૃહદ ગુજરાતી કોષ. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય
(૫) આઠવલે, પી.(૨૦૦૦). એશ પન્થા એતત્કર્મ. મુંબઇ નિકેતન.